ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

વાતાવરણ

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૩.૦° સે.	૧૮.૦° સે.
આહવા	૩૩.૦° સે.	૧૭.૦° સે.
વલસાડ	૩૩.૦° સે.	૧૬.૦° સે.
વાપી	૩૩.૦° સે.	૧૬.૦° સે.

૪ | શનિવાર ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ | ચીખલી | બીલીમોરા | વાંસદા | પારડી | ધરમપુર | ઉમરગામ | ડુંગરી | દમણ | સેલવાસ | આહવા | વઘઇ

વિકાસના દાવા એટલા ભારેખમ બની ગયા છે કે સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ તે વજન સહન ન કરી શક્યા

કાગળમાં વિકાસ ઝળહળે, રસ્તા પર મોત લટકે!

સાવધાન! વિકાસ ઉપરથી પડી શકે છે!

નવસારીમાં અગ્રવાલ કોલેજ-ડીમાર્ટ રોડ પર પાલિકાની 'મહેરબાની'થી થાંભલો ધડાકાભેર ધરાશાયી

આ 'વિકાસી કરિશ્મો' સવારમાં થયો હોવાથી કોઈ નાગરિક કે વાહન તેની ઝપેટમાં આવ્યું નહીં

નવસારી : નવસારી શહેરમાં વિકાસના દાવા એટલા ભારેખમ બની ગયા છે કે સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ તે વજન સહન ન કરી શક્યા હોય તેમ આજે વહેલી સવારના સમયે અગ્રવાલ કોલેજ જતા અતિ વ્યસ્ત માર્ગ પર, ડી-માર્ટની બિલકુલ સામે આવેલા ડિવાઈડર પર ઊભેલો સ્ટ્રીટ લાઈટનો થાંભલો અચાનક કડાકાભેર રસ્તા પર તૂટી પડ્યો. જાણે રસ્તા પરથી પસાર થતા લોકોને ચેતવણી આપતો હોય "સાવધાન! વિકાસ ઉપરથી પડી શકે છે!"

સદનસીબે આ 'વિકાસી કરિશ્મો' વહેલી સવારમાં થયો, એટલે કોઈ નાગરિક કે વાહન તેની ઝપેટમાં આવ્યું નહીં. પરંતુ જો આ ઘટના દિવસ દરમિયાન બની હોત, તો નવસારી આજે અકસ્માતની નહીં, પરંતુ શોકસભાની ચર્ચા કરતી હોત. એવું લાગે છે કે પાલિકા કોઈ મોટી હોનારત સર્જાય ત્યારબાદ જ જાગવાની તૈયારીમાં બેઠી છે. આ માર્ગની વ્યસ્તતા કોઈથી અજાણી નથી. અગ્રવાલ કોલેજ, ડી-માર્ટ મોલ અને અનેક ખાનગી શાળાઓને જોડતો આ રસ્તો દિવસભર માનવીય ભીડથી છલકાય છે. વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, નોકરીયાત લોકો- બધાની અવરજવર અહીં સતત રહે છે. આવા માર્ગ પર જો સ્ટ્રીટ લાઈટના થાંભલા 'મોતના થાંભલા' બનીને ગમે ત્યારે ધરાશાયી થાય, તો તેને અકસ્માત નહીં પરંતુ આયોજનબદ્ધ બેદરકારી જ કહેવાય.

નાગરિકો કહે છે કે મહાનગરપાલિકા માટે વિકાસ એટલે ફાઈલ, ટેન્ડર અને બોર્ડ પૂરતું. મેદાન પર શું હાલત છે, તે તો ભગવાન ભરોસે! જનતાના ટેક્સના કરોડો રૂપિયા ખર્ચાઈ જાય, પરંતુ કામની ગુણવત્તા તપાસવાની તસ્દી કોઈ લે નહીં.

અગાઉ લુન્સીકુઈ વિસ્તારમાં થાંભલો ધરાશાયી થયો હતો

આ ઘટના પહેલી નથી. અગાઉ લુન્સીકુઈ વિસ્તારમાં ડીએસપી ઓફિસની સામે પણ આ જ રીતે સ્ટ્રીટ લાઈટનો થાંભલો ધરાશાયી થયો હતો. છતાં તંત્રએ શીખ લેવાની જગ્યાએ આંખ મીંચીને આગળ વધવાનું પસંદ કર્યું. હવે નાગરિકો માર્મિક સવાલ પૂછે છે શું કોન્ટ્રાક્ટરોને ખુશ રાખવા જનતાના જીવ સસ્તા ગણાઈ રહ્યા છે? શું સ્માર્ટ સિટીની વ્યાખ્યા 'સ્માર્ટ રીતે જોખમ ઊભું કરવું' એવી થઈ ગઈ છે?

તંત્ર હવે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે

કડવું સત્ય એ છે કે જો તંત્ર હવે પણ કુંભકર્ણની નિંદ્રામાંથી નહીં જાગે અને શહેરભરના જર્જરિત થાંભલા તથા માળખાંનું તાત્કાલિક સેફટી ઓડિટ નહીં કરે, તો આવતીકાલે કોઈ નિર્દોષનો જીવ જશે અને ત્યારે જવાબદારી ફરી 'પરિસ્થિતિ' પર ઠેલાઈ જશે. નવસારી આજે કટાક્ષ સાથે સ્પષ્ટ સંદેશ આપી રહી છે હવે સુધરો, નહીં તો વિકાસના થાંભલા સીધા શમશાન તરફ લઈ જશે.

નવસારીમાં પાણી મુદ્દે લોકોનો ભારે બળાપો ફાટી નીકળ્યો

આગોતરી જાણ છતાં પાલિકા નિષ્ક્રિય, દશેરા ટેકરીમાં જનસહનશક્તિ તૂટી

પૂર્વ નગરસેવકના ઘેર પ્રતિકાત્મક વિરોધ, બેદરકાર વહીવટ સામે ફિટકાર

નવસારી : નવસારી શહેરમાં પીવાના પાણીની અછત હવે સામાન્ય તકલીફ નહીં પરંતુ વહીવટી નિષ્ફળતાનો ખુલ્લો દાખલો બની ગઈ છે. મેન્ટેનન્સને કારણે પાણી પુરવઠામાં કાપ પડશે તેવી આગોતરી જાણ હોવા છતાં જવાબદાર નવસારી મહાનગરપાલિકા કોઈપણ પ્રકારનું આયોજન કરવામાં નિષ્ફળ રહી. પરિણામે શહેરના અનેક વિસ્તારોમાં નળ સૂકા રહ્યા, રસોઈ બંધ થઈ અને નાગરિકોની દૈનિક જીવનવ્યવસ્થા ખોરવાઈ ગઈ. દશેરા ટેકરી વિસ્તારમાં આ સ્થિતિએ જનસહનશક્તિની હદ પાર કરાવી દીધી હતી.

આ બેદરકારી સામે રોષે ભરાયેલા દશેરા ટેકરીના રહીશો રસ્તા પર ઉતરી આવ્યા અને પૂર્વ નગરસેવક વિજય રાઠોડના ઘેર પહોંચી ગંદા કપડાં ફેંકી પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો. ઘટનાસ્થળે ઉગ્ર બોલાચાલી થઈ અને વાતાવરણ તણાવપૂર્ણ બન્યું. "હાલ વહીવટ કમિશનરના હાથમાં છે" જેવી દલીલો પણ તરસેલી જનતાને શાંત કરી શકી નહીં. બીજી તરફ ગુજરાત સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડ્યાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવમાં શહેરમાં હજુ પણ નીચા પ્રેશરથી અને મર્યાદિત સમય પૂરતું જ પાણી મળી રહ્યું છે. પાણી સંકટ સાથે મચ્છરોનો ઉપદ્રવ, સફાઈની ફરિયાદો અને નાગરિક સુવિધાઓની અછત નવસારીમાં વહીવટી બેદરકારીનું કડવું ચિત્ર રજૂ કરે છે. આજે નવસારીની જનતા એક જ માંગ કરી રહી છે-બહાના નહીં, જવાબદારી. જો તંત્ર હજુ પણ સુતું રહેશે, તો પાણી મુદ્દે ફાટી નીકળેલો આ બળાપો આવનારા દિવસોમાં વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે, તેવી શક્યતા નકારી શકાય.

પારડી હાઈવે પર કન્ટેનર પલટી મજૂરોની ઝૂંપડી પર પડતા સગીરનું મોત

હાઇવેના માર્જીનમાં કેપિટલ હબ બિલ્ડીંગનું કામ કરતા મજૂરના ઝૂંપડા તથા ઓફિસ હતી

પારડી : પારડી હાઇવેના સર્વિસ રોડને અડીને બની રહેલી કેપિટલ હબ બિલ્ડીંગમાં શોપ અને ઓફિસ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં કામ કરતા મજૂરો હાઇવેને અડીને ઝૂંપડી બનાવી રહેતા હતાં. તે દરમિયાન પારડી નેશનલ હાઇવે નં. 48 નવી મામલતદાર કચેરી પાસે વાપીથી વલસાડ જતા ટ્રેક પર કન્ટેનર પસાર થઈ રહી હતી.

કન્ટેનરની ગતિ તેજ હોવાથી નિયંત્રણ ન રહેતા અચાનક પલ્ટી મારી હતી અને રોડની સાઈડમાં આવેલી ઝૂંપડી પર પડતા જમવા બેસેલા વિપુલ શોમસીંગ ડીદોર (ઉ.17)નું દબાઈ જવાથી ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવી પોલીસને જાણ કરી હતી. ક્રેન, ફાયર વિભાગ, જેસીબી બોલાવી કન્ટેનરને સાઈડ પર કરી હતી અને દબાઈ ગયેલા સગીરના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

ઘટનાને પગલે હાઇવે પર ટ્રાફિક સર્જાયો હતો જેને પારડી પોલીસે નિયંત્રણ કરી ટ્રાફિક વ્યવહાર ખુલ્લો કર્યો હતો. પોલીસે કન્ટેનરચાલકને પકડી પોલીસ મથકે લઇ ગઈ હતી. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી.

24 કલાક ધમધમતા હાઇવે નજીકના માર્જીનમાં કેપિટલ હબ બિલ્ડીંગની ઓફિસ અને મજૂરોને રહેવા ઝૂંપડી બનાવવામાં આવેલી છે અને છેલ્લા બે - ત્રણ માસથી કામ અહીં ચાલી રહ્યું હતું. ત્યારે બિલ્ડરની બેદરકારીના કારણે હાઇવે પર મજૂરને રહેવા પડાવ નાખતા આજે એક નિર્દોષનો જીવ ગયો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સંજાણના ઘરમાંથી 5.59 લાખની મત્તાની ચોરી

તસ્કરો રોકડા રૂપિયા 4.50 લાખ તથા ચુએસ ડોલર અને દાગીના ચોરી જતા ફરિયાદ

ઉમરગામ : સંજાણના ઘરમાં ત્રાટકી તસ્કરો રોકડા 4.50 લાખ સહિત સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા 5.59 લાખની મત્તાની ચોરી કરીને ચોર ઈસમો નાસી જતા ચકચાર મચી જવા પામી હતી.

ઉમરગામ તાલુકાના સંજાણ ગામ ખાતે નમપાડા ખાના ખજાના રેસ્ટોરન્ટ પાછળ ફરિયાદી રિયાઝ અહમદ ઉમર મહમદ પટેલ રહે છે. તેમનો પરિવાર નોકરી ધંધાર્થે યુએસમાં રહે છે.

બુધવાર તારીખ 4/2/2026 ના કલાક 22:30 થી સવારે 5:00 વાગ્યા દરમ્યાન તેમના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરના જમણી સાઈડના રૂમના લોખંડના ગ્રીનવાલી લાકડાની બારી કોઈ સાધન વડે તોડી ચોર ઈસમોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. અને બેડરૂમમાં કબાટ તોડી રોકડા રૂપિયા 4.50 લાખ સોનાના દાગીના કડી વીંટી વિગરે મળી કુલ રૂપિયા 5,59000 ની મત્તાની ચોરી કરી ચોર ઈસમો નાસી ગયા હતા.

સવારે 5:00 વાગ્યાના સમય દરમિયાન મસ્જિદમાં નમાજ પઠવા સવારે ઉઠતા બેડરૂમના દરવાજો ખોલવા જતા બહારથી બંધ હોવાનું જણાતા પડોશીને ફોન કરીને બોલાવ્યા હતા.

તે વખતે બેડરૂમમાં સર સામાન વેરવિખેર પડેલો હોય ચોરી થઈ હોવાની ખબર પડી હતી. આ બનાવ અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

SIR પ્રક્રિયા મુદ્દે નવસારીમાં રાજકીય તાપમાન ચરમસીમાએ

મતદાર યાદીમાંથી નામ કાપવાના આક્ષેપ સાથે કોંગ્રેસે કલેક્ટર કચેરીએ ધરણાં, વહીવટીતંત્ર સામે તીખો વિરોધ

ન્યાય નહીં મળે તો આવનારા દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી

નવસારી : નવસારી જિલ્લામાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાને લઈને રાજકીય માહોલ ભારે ગરમાયો છે. મતદાર યાદીમાંથી મોટા પાયે નામ કાપવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ પાર્ટી દ્વારા નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને અસરગ્રસ્ત મતદારોની મોટી સંખ્યામાં હાજરીને કારણે કલેક્ટર કચેરીનું વાતાવરણ તણાવપૂર્ણ બની ગયું હતું.

આ મુદ્દે આવેદનપત્ર આપવા માટે ધારાસભ્ય અનંત પટેલ અને જિલ્લા પ્રભારી અસલમ સાયકલવાલાના નેતૃત્વમાં કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ કલેક્ટર કચેરી પહોંચ્યું હતું. જોકે કલેક્ટર બેઠકમાં હોવાનું કારણ બતાવી તાત્કાલિક મુલાકાત ન મળતાં કોંગ્રેસી આગેવાનોમાં ભારે અસંતોષ ફેલાયો હતો.

વહીવટીતંત્ર દ્વારા લગભગ દસ મિનિટ સુધી રાહ જોવડાવાતા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો કલેક્ટર કચેરીના પ્રાંગણમાં જ જમીન પર બેસી ધરણાં પર ઉતરી ગયા. "મતાધિકાર બચાવો", "લોકશાહીની હત્યા બંધ કરો" અને "ચુંટણી પંચ હાય હાય" જેવા નારાઓથી સમગ્ર પરિસર ગૂંજતું બન્યું હતું.

મતદાર હકોના મુદ્દે નવસારી ઉકળ્યું

મતદાર યાદીમાંથી મોટા પાયે નામ કપાઈ રહ્યા હોવાની આશંકાએ નાગરિકોમાં, ખાસ કરીને લઘુમતી સમુદાયમાં, ચિંતા અને ભય ફેલાવ્યો છે. આ મુદ્દે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ મેદાનમાં ઉતરી છે અને નવસારી શહેર તથા જિલ્લામાંથી નાગરિકોને એકત્રિત કરી જિલ્લા પ્રશાસન સમક્ષ આવેદનપત્ર પાઠવ્યું છે.

કોંગ્રેસના આગેવાનોનું કહેવું છે કે SIR પ્રક્રિયામાં પૂરતી પારદર્શિતા રાખવામાં આવી રહી નથી અને યોગ્ય ચકાસણી વિના કાયદેસર મતદારોના નામ દૂર થવાની શક્યતા છે, જે લોકશાહીના મૂળ તત્વોને નુકસાન પહોંચાડે છે. પ્રતિનિધિમંડળે નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરી તમામ વાંધા અરજીઓની ન્યાયસંગત પુનઃચકાસણી કરવાની માંગ કરી હતી. છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલે આક્ષેપ કર્યો હતો કે વહીવટીતંત્ર સત્તાધારીઓ અને પ્રભાવશાળી લોકો માટે દરવાજા ખુલ્લા રાખે છે, જ્યારે સામાન્ય અને ગરીબ મતદારોને અવગણવામાં આવે છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો SIR પ્રક્રિયામાં તાત્કાલિક સુધારો નહીં કરવામાં આવે અને અસરગ્રસ્ત મતદારોને ન્યાય નહીં મળે, તો આવનારા દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

મોબાઇલની દુકાનોમાં મોબાઇલની ચોરી કરતો આરોપી પકડાયો

દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસે મોબાઈલની દુકાનોમાં ચોરી કરતા ચોરો પૈકીના મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. પોલીસે 87 હજારના 7 મોબાઈલ કબ્જે કર્યા છે. ડાભેલની સુંધા માતા મોબાઈલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં તસ્કરોએ દુકાનનું રૂફ તોડી દુકાનમાં પ્રવેશી 9 મોબાઈલ ચોરી ગયા હતા. દુકાનના માલિક નરપત પોકરરામ માલી સવારે દુકાન ખોલતા દુકાનની છતનો ભાગ તૂટેલી હાલતમાં અને દુકાનમાંથી મોબાઈલ ન હોવાનું જણાતા ચોરી થઈ હોવાનું જણાતા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી હતી. જેને પગલે પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ કરતા આરોપી લવકુશ ગિરધારી બિંદની ધરપકડ કરી ટ્રાન્ઝિટ વોરંટના આધારે દમણ લાવી પૂછપરછ કરતા તેણે ગુનો કબૂલ કર્યો હતો.

કંપનીમાં ઉત્પાદન દરમિયાન રિએક્ટરમાં અવોરફ્લો થતાં ક્લોરિન ગેસ બહાર આવતા ઘટના બની

કંપનીમાં ગેસ ગળતરથી દોડધામ

સરીગામમાં ગેસ ગળતરની દુર્ઘટનામાં ચાર કામદારોને અસર થતા હોસ્પિટલમાં ખસેડાયા

જીપીસીપીના અધિકારીઓ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી

સલામતી ખાતર રોડ પણ બ્લોક કરી દેવામાં આવ્યો

■ ગેસ ગળતર થતાં પોલીસે રસ્તો બંધ કરી દીધો હતો. (ઉમેશ સોલંકી)

ઉમરગામ : સરીગામ GIDC કેમિકલ ઝોનમાં આવેલી એક કંપનીમાં ગેસ ગળતરથી દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ચાર કામદારોને અસર થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જાણ થતા જ જીપીસીપીના અધિકારીઓ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

પ્રાપ્ત સૂત્ર પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઈડીસીમાં રોડ નંબર બે ઉપર આવેલ સીનેકસ (સાયનેકસ) મેટકેમ નામની કંપનીમાં સવારના પોણા નવેક વાગ્યાના સમારે ગેસ ગળતર થતાં ભારે દોડધામ મચી હતી. હવામાં ફેલાયેલા ઝેરી ગેસના કારણે શ્વાસ લેવામાં તકલીફ આંખોમાં બળતરાથી કંપની સંચાલક સહિત ચારેક જેટલા કામદારોને અસર થઈ હતી તેઓને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. સલામતી ખાતર રોડ પણ બ્લોક કરી દેવામાં આવ્યો હતો જોકે થોડા કલાકોમાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ હતી.

કંપનીમાં ઉત્પાદન દરમિયાન રિએક્ટરમાં અવોરફ્લો થતાં ક્લોરિન ગેસ બહાર આવતા આ ઘટના બની હોવાનું ચર્ચાય રહ્યું છે. ઘટનાની જાણ થતા જ ભીલાડ પોલીસ ફાયરની ટીમ જવાનો અને સરીગામ જીપીસીપીના અધિકારી અને તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સઘન તપાસ આદરી કાર્યવાહી હાથ ધરી હતી.

વાપીમાં વિધવા શિક્ષિકાના ઘરમાંથી 1.65 લાખની ચોરી

મહિલા નોકરી પર જતા તસ્કરોએ ઘરના દરવાજાનું તાળું તોડી સોના-ચાંદીના દાગીના ચોરી જતા પોલીસ ફરિયાદ

વાપી : વાપી નૂતનનગરમાં વિધવા શિક્ષિકા શાળાએ નોકરી પર ગયા હતા તે સમયે તસ્કરોએ ઘરનું લોક તોડી બે કબાટમાં મૂકેલા સોના-ચાંદીના ઘરેણા (કિંમત આશરે 1,65,900)ની ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નૂતનગર, રાધેકિષ્ણા એપાર્ટમેન્ટમાં ઉષાબેન મુકુન્દભાઈ પંચાલ (ઉ.50) એકલા રહે છે અને તેઓ વિધવા છે તથા બે સંતાનો જામનગર અને અમદાવાદમાં રહે છે તથા પોતે છીરી સ્થિત જ્ઞાનગંગા શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે.

ગત તા.4-2-26 ના રોજ નિત્યક્રમ મુજબ સવારે સાત વાગ્યે દરવાજાને લોક કરી નોકરી પર ગયા હતાં. આ તકનો લાભ તસ્કરે ઉઠાવી ઘરનો નકુચો કોઈક સાધન વડે તોડી નાંખી બે કબાટના લોક તોડી તેમાં મૂકેલા સોના-ચાંદીના ઘરેણા ચોરી કરી ગયા હતાં.

બપોરના અઢી વાગ્યાની આસપાસ શિક્ષિકા ઘરે આવ્યા ત્યારે મુખ્ય દરવાજાનું લોક તૂટેલું જોયું હતું અને ઘરમાં જોતા ચોરી થયાનું જણાયું હતું. બનાવ અંગેની ફરિયાદ શિક્ષિકા ઉષાબેન પાંચાલે વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

સાપુતારા લકઝરી બસ અકસ્માતનો આરોપી ઝડપાયો

સાપુતારા : સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા લકઝરી બસ અકસ્માતના સાપરાધ મનુષ્યવધના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને સાપુતારા પોલીસે હ્યુમન સોર્સના આધાર પર ઝડપી પાડ્યો છે. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવ દ્વારા જિલ્લાભરના તમામ પોલીસ સ્ટેશનોને દાખલ થયેલા ગુનાઓના વોન્ટેડ તથા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સૂચનાઓના અનુસંધાને કે.આર. ડિમરી, નાયબ પોલીસ અધિક્ષક, આહવા વિભાગના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ સ્ટેશનનાં પી.આઈ.પી.ડી.ગોંડલિયાની ટીમે સતત પ્રયાસો હાથ ધર્યા હતા. સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા બસ અકસ્માતના સાપરાધ મનુષ્યવધના ગંભીર ગુનામાં સંડોવાયેલ આરોપી રાજાસિંહ બનમાલી યાદવ (ઉંમર 35 વર્ષ, ધંધો ડ્રાઈવિંગ, રહે. ઉત્તરપ્રદેશ), છેલ્લા એક વર્ષથી ફરાર હતો. સાપુતારા પોલીસ દ્વારા સતત તપાસ, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની માહિતીના આધારે આરોપીની હિલચાલ અંગે ચોક્કસ માહિતી મેળવી કાર્યવાહી કરવામાં આવી હતી. અંતે સાપુતારા પોલીસે આરોપીને ઝડપી લઈ કાયદાની કચેરીમાં રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર સફળ કામગીરીમાં સાપુતારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.ડી. ગોંડલીયા, પી.એસ.આઈ.બી.બી. પટેલની ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

વ્યારા નગરપાલિકા, જિ-તાપી
ઓનલાઇન ટેન્ડર
જાહેર નિવિદા-૨૫/ ૨૦૨૫-૨૬

વ્યારા નગરપાલિકા જિ-તાપી દ્વારા વિવિધ ગ્રાંટો હેઠળ વ્યારા નગરપાલિકા વિસ્તારોના કામે સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી ફક્ત ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે કામો માટેની વિગતવાર માહિતી (રજી.વર્ગ, ઇ.એમ.ડી, ટેન્ડર ફી, ફક્ત ડિમાન્ડ ડ્રાફ્ટ) રજાના દિવસો સિવાય બાંધકામ વિભાગમાંથી તથા નીચે મુજબની વેબ સાઇટ પરથી જોવા મળી શકશે.

ક્રમ	કામનું નામ	અંદાજીત રકમ
૧	વંદનાબેનના વાણીના ઘર પાસે બોક્ષ ડ્રેઇન રીપેરીંગ તથા પેવર બ્લોક રીફિટીંગ કરવાનું કામ.	૨,૪૩,૦૦૦/-
૨	દયાળુ હનુમાનજી ના મંદિર પાસે દાદરી ફળિયામાં પીવાના પાણીની પરબ બનાવવાનું કામ. (ચોથો પ્રયત્ન)	૪,૪૯,૮૦૦/-

વેબ સાઇટનું નામ	http://www.nprocure.com
ડાઉનલોડ તથા અપલોડ કરવા માટેની તારીખ	તા. ૦૭/૦૨/૨૦૨૬ થી તા. ૧૯/૦૨/૨૦૨૬ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઇ.એમ.ડી તથા જરૂરી ડોક્યુમેન્ટ પહોંચાડવાની તારીખ સરનામુ	તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા. ૨૫/૦૨/૨૦૨૬ સમય સાંજે ૧૮:૦૦ કલાક સુધી By.R.P.AD/Speed Post, ચીફ ઓફિસર, વ્યારા નગરપાલિકા, જિ-તાપી
સંભવિત ટેન્ડર ખોલવાની તારીખ	તા. ૨૬/૦૨/૨૦૨૬ સમયઃ-૧૧:૩૦ કલાકે

ઉપરોક્ત ટેન્ડર માટે વધારે માહીતી માટે વેબસાઇટ જોવા વિનંતી. વ્યારા નગરપાલિકા નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે. સદર કામના ટેન્ડરો સ્વીકારવાનો તથા તે અંગે કોઈ પણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજૂર યા નામંજુર કરવાનો અધિકાર વ્યારા નગરપાલિકાને અબાધિત રહેશે.

વંદનાબેન ડોબરીયા, ચીફ ઓફિસર, વ્યારા નગરપાલિકા | મૃણાલભાઇ વાય.જોષી, ચેરમેન, બાંધકામ સમિતિ, વ્યારા નગરપાલિકા | રાકેશભાઇ બી. ચૌધરી, ચેરમેન, ગટર સમિતિ, વ્યારા નગરપાલિકા
દિલીપભાઇ એ.જાદવ, ચેરમેન, કારોબારી સમિતિ, વ્યારા નગરપાલિકા | નિલમબેન જી. શાહ, ઉપપ્રમુખ, વ્યારા નગરપાલિકા | રીતેશભાઇ એચ. ઉપાધ્યાય, પ્રમુખ, વ્યારા નગરપાલિકા

કમાંક માહિતી/સૂરત/૧૪૪૮/૨૦૨૬

ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ
જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨,૨૨૨૦૭૫/૨૨૨૦૭૩
Email:ceo.bauda@gmail.com
આઝાદીના અમૃત મહોત્સવ

ટેંડર નોટિસ નં.૧૩ વર્ષ:૨૦૨૫-૨૬

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની કામગીરી માટે લાયકાત ધરાવતી એજન્સીની નિમણુંક કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. જે અંગેના વિગતવાર ટેન્ડર ફોર્મની વિગતો www.nprocure.com વેબ સાઇટ ઉપર ઓનલાઇન તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૯/૦૨/૨૦૨૬ સુધી જોવા મળશે, સદર કામ માટે ઓનલાઇન સબમિશનની છેલ્લી તારીખથી તા.૨૫/૦૨/૨૦૨૬ સુધી ટેંન્ડર ફી તથા ઇ.એમ.ડી. રજુ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન સબમીશન કરવાના ફરજીયાત રહેશે. આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમિયાન રૂબરુ સંપર્ક સાધવાથી મળી શકશે, સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરીપત્રો/નિયમો અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

ટેન્ડર અપલોડ કરવાની તારીખ	તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ફી ની રકમ	૭૦૦૦.૦૦/-
ઇ.એમ.ડી. ની રકમ	૧,૦૦,૦૦૦.૦૦/-
સિક્યુરીટી ડીપોજીટની રકમ	એસ્ટીમેટેડ કોસ્ટના ૫% તથા કામગીરીના બીલના ૫%
EMD,DD તેમજ ડોક્યુમેંટ મોકલવાની છેલ્લી તારીખ (by R.P.A.D. only)	તા.૨૫/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી.
પ્રી-બિડ મિટીંગ તારીખ	૧૮/૦૨/૨૦૨૬
ટેન્ડર ખોલવાની તારીખ	૨૬/૦૨/૨૦૨૬.(શક્ય હશે તો)

(૧).સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિજીકલ ડોક્યુમેન્ટ ધ્યાને લેવામા આવશે નહી.
(૨).સદર ટેન્ડરીંગ માટે બોડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

--સહી--
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ

માહિતી/ભરૂચ/૭૬૪/૨૦૨૬